ચીનમાં રોબોટને 'ખેંચ' આવી!

રિમોટ-કન્ટ્રોલ કનેક્શન ખોરવાઇ ગયા બાદ રોબોટ નીચે પડી ગયો અને હાથ-પગ પછાડવા લાગ્યો

બૈજિંગ, તા. ૨૦: ચીનના બૈજિંગમાં યોજાયેલી '2026 વર્લ્ડ રોબોટ કોન્ફરન્સ'માં એક હ્યુમનોઇડ રોબોટ તેની એક વિચિત્ર અને અણધારી હરકતને કારણે ચર્ચાનો વિષય બન્યો હતો. આ રોબોટ આધુનિક હ્યુમનોઇડ મશીનોની ક્ષમતાઓ દર્શાવવા માટે આયોજિત એક પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યો હતો, ત્યારે જ અચાનક તેણે પોતાનું નિયંત્રણ ગુમાવી દીધું હતું. રિપોર્ટ અનુસાર, તેનું રિમોટ-કંટ્રોલ કનેક્શન ખોરવાઈ ગયા પછી, રોબોટ પીઠભેર નીચે પડી ગયો અને હવામાં તેના હાથ-પગ જોર-જોરથી હલાવવા લાગ્યો. તેની આ અનિયંત્રિત હરકતો કોઈ વ્યક્તિને વાઈ કે આંચકી આવી હોય અથવા કોઈ બાળક જમીન પર આળોટીને જીદ્દ કરતું હોય તેવી લાગતી હતી, જેને જોઈને ત્યાં હાજર પ્રેક્ષકો આશ્ચર્યચકિત થવાની સાથે-સાથે રમુજ પણ અનુભવી રહ્યા હતા.

જ્યારે રોબોટના ઓપરેટરોએ વચ્ચે આવીને સ્થિતિ સંભાળવાનો પ્રયાસ કર્યો ત્યારે મામલો વધુ અસામાન્ય બની ગયો હતો. કેટલાક એન્જિનિયરો મશીનને રોકવા અને તેના પર ફરીથી નિયંત્રણ મેળવવા મથામણ કરતા જોવા મળ્યા હતા, પરંતુ તેઓ તેને તરત જ બંધ કરી શક્યા નહોતા. આ ઘટનાના વાયરલ વીડિયોમાં રોબોટ પ્રદર્શનના ફ્લોર પર વારંવાર હાથ-પગ પછાડતો જોવા મળે છે, જ્યારે આસપાસના લોકો આશ્ચર્યથી આ જોઈ રહેલા જણાયા હતા. આ નાટકીય ખામી ટૂંક સમયમાં જ સમગ્ર ઈવેન્ટની સૌથી વધુ ચર્ચાયેલી ક્ષણોમાંની એક બની ગઈ હતી.

શિક્ષિકાએ ૬ વર્ષના બાળકને માર્યો; ઢળી પડ્યા બાદ તરત મોત

વિશાખાપટ્ટનમની એક ખાનગી શાળામાં બનેલી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

અમરાવતી: તા. 20: વિશાખાપટ્ટનમની એક ખાનગી શાળામાં છ વર્ષના એક બાળકનું મૃત્યુ થયું છે, જેમાં તેના પરિવારે આક્ષેપ કર્યો છે કે, હોમવર્ક પૂર્ણ ન કરવા બદલ શિક્ષિકાએ તેને માર માર્યો હતો. બાળક, પ્રણય તેજાના પરિવારે જણાવ્યું હતું કે હોમવર્ક ન કરવા બદલ શિક્ષિકાએ તેને લાકડીથી માર માર્યા બાદ તે ઢળી પડ્યો હતો. તેને કિંગ જ્યોર્જ હોસ્પિટલ (કેજીએચ) લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના વન ટાઉન વિસ્તારમાં આવેલી ખાનગી શાળા 'લિટલ ગાર્ડન સ્કૂલ'માં બની હતી. પરિવારના જણાવ્યા અનુસાર, બાળક ડરી ગયો હતો, રડવા લાગ્યો હતો અને ઉધરસ ખાવા લાગ્યો હતો અને બાદમાં શાળામાં જ ઢળી પડ્યો હતો. પરિવારે આક્ષેપ કર્યો છે કે, આ ઘટના શિક્ષિકાના હુમલા પછી બની હતી.જોકે, મૃત્યુનું સચોટ કારણ હજી સુધી જાણી શકાયું નથી. સત્તાવાળાઓ દ્વારા મેળવવામાં આવેલા શાળાના સીસીટીવીફૂટેજમાં શિક્ષિકા બાળકને વઢતાં જોવા મળે છે, ત્યાર બાદ તે રડવા લાગે છે અને જાણે તેમની પાસે આજીજી કરતો હોય તેમ ગભરાટમાં હાથ હલાવવા લાગે છે. શિક્ષિકા પછી તેનો શર્ટ અને પેન્ટ સરખા કરતાં અને તેને થપ્પડ મારતાં જોવા મળે છે. થોડી સેકન્ડો પછી, બાળક તેમના ખોળામાં ઢળી પડે છે. શિક્ષિકા બેઠા-બેઠા જ તેને ઉઠાવવાનો પ્રયાસ કરતા દેખાય છે, પરંતુ બાળક કોઈ પ્રતિસાદ આપતો નથી.

બાંગ્લાદેશના નવા રાષ્ટ્રપતિ બન્યા મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીર

35 વર્ષ જૂની બિનહરીફ પરંપરાનો અંત

ખાલેદા ઝિયાના નજીકના સહયોગીનો ભવ્ય વિજય

ઢાકા, તા. 20 (PTI) સત્તાધારી બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના લાંબા સમયના જનરલ સેક્રેટરી અને પૂર્વ વડા પ્રધાન ખાલેદા ઝિયાના નજીકના સહયોગી મિર્ઝા ફખરુલ ઈસ્લામ આલમગીર ગુરુવારે 35 વર્ષમાં આ પદ માટે યોજાયેલી પ્રથમ સ્પર્ધાત્મક ચૂંટણીમાં દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.

મતોની ગણતરી બાદ મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી રિટર્નિંગ ઓફિસર એએમએમ નાસિર ઉદ્દીને જાહેરાત કરી હતી કે, 78 વર્ષીય બીએનપીના અગ્રણી નેતાએ તેમના એકમાત્ર હરીફ કર્નલ (નિવૃત્ત) ઓલી અહમદને હરાવ્યા હતા, જેઓ 84 વર્ષીય લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના ચેરમેન અને જમાત-એ-ઈસ્લામીની આગેવાની હેઠળના 11 પક્ષોના વિપક્ષી ગઠબંધનના ઉમેદવાર હતા. ઉદ્દીને જણાવ્યું હતું કે, કુલ 349 નોંધાયેલા મતદારોમાંથી 343 મતદારોએ ચૂંટણીમાં મતદાન કર્યું હતું.

બાંગ્લાદેશના PMની ભારત મુલાકાત અનિશ્ચિત

યોગ્ય વાતાવરણ ઊભું થાય તો બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા બાંગ્લાદેશનો હકારાત્મક દૃષ્ટિકોણ

ઢાકા, તા. 20 (PTI): બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર હુમાયૂન કબીરે જણાવ્યું છે કે, જ્યાં સુધી પરસ્પર વિશ્વાસ પર આધારિત યોગ્ય વાતાવરણ ઊભું ન થાય અને નવી દિલ્હી તરફથી સન્માનજનક નિમંત્રણ ન મળે ત્યાં સુધી બ્રિક્સ શિખર સંમેલન માટે બાંગ્લાદેશના વડા પ્રધાન તારિક રહેમાનની આગામી મહિને ભારત મુલાકાતની શક્યતા ઓછી છે. કબીરે કહ્યું હતું કે, સ્પષ્ટપણે વ્યાખ્યાયિત રાષ્ટ્રીય હિતો વિના ઉચ્ચ સ્તરીય મુલાકાત ગોઠવવાની ઢાકાની કોઈ ઉતાવળ નથી.

સરકારી એજન્સી બીએસએસને આપેલા એક ઈન્ટરવ્યુમાં, જે ગુરુવારે પ્રકાશિત થયો હતો, કબીરે જણાવ્યું હતું કે, "રાષ્ટ્રીય હિતથી પર જઈને ઉચ્ચ સ્તરીય મુલાકાતમાં ઉતાવળ કરવાનું કોઈ ઔચિત્ય નથી." આ ઈન્ટરવ્યુ 17 ઓગસ્ટે લેવામાં આવ્યો હતો.

વાપી મહાનગરપાલિકા - વાપી

૩૬૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

૧૧ માસના ધોરણે હંગામી-કરાર આધારિત જગ્યા ભરવાની જાહેર નિવિદા (મહેકમ શાખા)

સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦- ગુજરાત અંતર્ગત વાપી મહાનગરપાલિકા ખાતે સિટી મેનેજર- UWM (Used Water Management) ની જગ્યા ઉપર ૧૧ માસના કરાર આધારિત નીચે મુજબની વિગતે નિમણૂંક કરવાની થાય છે. આ જગ્યા ઉપર નિમણૂક મેળવવા લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારોએ તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકથી બપોરે ૧૨:૦૦ કલાક દરમિયાન વાપી મહાનગરપાલિકા કચેરી ખાતે હાજર રહી પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ, બપોરે ૧:૦૦ થી ૨:૦૦ કલાક સુધીમાં વૉક-ઇન ઇન્ટરવ્યુ શરૂ કરવામાં આવશે. ઉમેદવારે ઇન્ટરવ્યૂ સમયે પોતાની શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્રો, આધાર પુરાવા તથા અન્ય જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલો તેમજ અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે લાવવાના રહેશે.

ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા	શૈક્ષણિક લાયકાત/ અનુભવ	અનુભવ	માસિક ફિક્સ પગાર
૧	સિટી મેનેજર- UWM	૦૧	B.E. / B.Tech - Civil / Environment / Mechanical / Water Resource	૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદનો)	૩૦,૦૦૦/-

શરતો:

(૧) મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત ના પત્ર નં. SBM/૦૧૦૮/૦૭/૨૦૨૬ તા.૦૪/૦૮/૨૦૨૬ ના પત્ર મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

(૨) ઇચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી, બાયોડેટા તથા તમામ અસલ પ્રમાણપત્રો તેમજ પ્રમાણપત્રોની નકલ સાથે લાવવાની રહેશે.

(૩) વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે દરેક ઉમેદવારે પોતાના સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

(૪) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક ઇન્ટરવ્યું દ્વારા કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનને અબાધિત રહેશે.

-સહી-

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર

વાપી મહાનગરપાલિકા-વાપી

નં. માહિતી/વલસાડ/૩૨૮/૨૦૨૬

ગાંધીજીની ૬૮૮ હસ્તપ્રતોનો સંગ્રહ રૂ. ૧૬.૨૦ કરોડમાં વેચાયો

આ હસ્તપ્રતોમાં ગાંધીજીએ તેમના ખાસ સાથીદાર આનંદ હિંગોરાણીને વિવિધ વિષયો લખેલા વિચારો છે, બધા પર ગાંધીજીની સહી છે

ખરીદનાર ભારતીય જ છે, આ સંગ્રહ ભારતમાં જ રહેશે

નવી દિલ્હી, તા. 20(PTI): મહાત્મા ગાંધીએ તેમના નજીકના સાથી અને સ્વતંત્રતા સેનાની આનંદ ટી. હિંગોરાણીને સત્ય, અહિંસા અને સેવા જેવા વિષયો પર લખેલા 688 વિચારોનો સંગ્રહ સૈફ્રોનઆર્ટની હરાજીમાં રૂ. 16.20 કરોડમાં વેચાયો છે. આ લખાણો સાથે ગાંધીજીએ પોતાના હસ્તાક્ષર પણ કર્યા છે. આ સાથે જ હરાજીમાં વેચાયેલા કોઈપણ ભારતીય ઐતિહાસિક દસ્તાવેજ માટે આ એક નવો વિશ્વ રેકોર્ડ સર્જાયો છે. હિંગોરાણીના પત્ની વિદ્યાના અવસાન પછીના બે વર્ષ દરમિયાન લખાયેલા માર્ગદર્શન, ચિંતન અને પ્રોત્સાહનના આ દૈનિક હસ્તલિખિત સંદેશાઓને પાછળથી "એ થૉટ ફોર ધ ડે" નામના પુસ્તકમાં સંકલિત કરવામાં આવ્યા હતા.

પેજ 3

મનોજ બાજપેયી મહાત્મા ગાંધીની ભૂમિકા ભજવશે

મુંબઈ, તા. 20 : ફિલ્મમેકર સુધીર મિશ્રાએ અભિનેતા મનોજ બાજપેયી સાથેની પોતાની આગામી ફિલ્મ અંગે એક મહત્ત્વપૂર્ણ માહિતી શેર કરી છે. અત્યારે આ ફિલ્મનું નામ નક્કી થયું નથી, પરંતુ નિર્દેશકના જણાવ્યા અનુસાર, વાર્તા મહાત્મા ગાંધીના જીવનના એ તબક્કા પર આધારિત છે, જે ભારતની આઝાદીના સમયનો અત્યંત મહત્ત્વપૂર્ણ હિસ્સો હતો. ફિલ્મમાં આઝાદીના ઈતિહાસ વચ્ચે મહાત્મા ગાંધીના જીવનના 21 દિવસોને નજીકથી દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ ફિલ્મ સુધીર મિશ્રાની મોટા પડદા પર વાપસી પણ છે. ફિલ્મમાં દેશની આઝાદીની મોટી ઘટનાઓની સાથે એક માણસ તરીકે મહાત્મા ગાંધીની વાર્તા દર્શાવવામાં આવશે. ફિલ્મ વિશે વાત કરતાં સુધીર મિશ્રાએ કહ્યું, "આ નવી ફિલ્મ ઈતિહાસના એક જરૂરી, પરંતુ ઓછા ચર્ચિત પ્રકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે."

ઈશાએ સન્ની દેઓલ માટે ખરીદી 'ઢાઈ કિલો'ની રાખડી

મુંબઈ, તા. 20 : અભિનેત્રી ઈશા દેઓલ રક્ષાબંધનના પ્રસંગે એક ડિલિવરી એપની જાહેરાતમાં જોવા મળી છે. તેમાં તેણે પોતાના ભાઈ અને અભિનેતા સન્ની દેઓલની ફિલ્મ 'દામિની'ના પ્રખ્યાત ડાયલોગ 'ઢાઈ કિલો કા હાથ'ને રીક્રિએટ કર્યો છે. વીડિયોમાં ઈશા આ ડાયલોગમાં રક્ષાબંધનનો ટ્વિસ્ટ ઉમેરતાં ભાઈ સન્ની માટે 'ઢાઈ કિલોની રાખડી' મંગાવતી જોવા મળી રહી છે. જાહેરાતમાં ઈશા દેઓલ કહેતી જોવા મળે છે કે, જ્યારે ભાઈનો ઢાઈ કિલોનો હાથ ઊઠે છે તો બધા તાળીઓ વગાડવા લાગે છે. આ પછી તે રમૂજી અંદાજમાં પૂછે છે કે આ હાથ આટલો લેજેન્ડરી કેમ છે. વીડિયોમાં આ ડાયલોગ પર એક નાનો પ્રયોગ કરીને બતાવવામાં આવ્યો છે. આ પછી ઈશા ડિલિવરી એપ દ્વારા પોતાના ભાઈ સન્ની દેઓલ માટે ખાસ 'ઢાઈ કિલોની રાખડી' મંગાવે છે અને તેને ખુશીથી બતાવે છે.

પ્રિન્સ હેરી પત્ની મેગન અને બાળકો સાથે બ્રિટન પાછા ફરશે

બંને બાળકો માટે યુકેની એક શાળામાં પ્રવેશ લીધો

શાહી મહેલને બદલે ખાનગી જગ્યામાં રહે તેવી શક્યતા

લંડન, 20 ઓગસ્ટ (PTI): યુકેના મીડિયા અહેવાલો અનુસાર, પ્રિન્સ હેરી અને તેમની પત્ની મેગન માર્કેલે તેમના બે બાળકો સાથે આ મહિનાના અંતમાં બ્રિટન પરત ફરવાનો નિર્ણય લીધો છે, પરંતુ તેઓ રાજવી પરિવારના બિન-કાર્યકારી સભ્યો તરીકે જ રહેશે.

કિંગ ચાર્લ્સ III ના નાના પુત્ર હેરી, મોખરેની રાજવી ફરજોમાંથી ખસી ગયા પછી છ વર્ષ પહેલાં તેમના પરિવાર સાથે અમેરિકા સ્થાયી થયા હતા.

બુધવારે મોડી રાત્રે મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે, 41 વર્ષીય હેરી અને તેમની પૂર્વ હોલીવુડ અભિનેત્રી પત્ની લંડન બહાર આવેલી એક બિન-શાહી જગ્યા પર રહે તેવી શક્યતા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ દંપતીએ તેમના બાળકો, સાત વર્ષના પ્રિન્સ આર્ચી અને પાંચ વર્ષની પ્રિન્સેસ લિલિબેટનો સપ્ટેમ્બરમાં નવા સત્રની શરૂઆતથી બ્રિટિશ સ્કૂલમાં પ્રવેશ કરાવ્યો છે.

SURAT MUNICIPAL CORPORATION

SOLID WASTE MANAGEMENT

R.H.C. STORE

Short E-Tender Notice (On line) No. SWM / PHD / 08 / 2026-27

FIT INDIA

Tenders are invited for following Sanitation Items on Item Rate on-line on_https://smctender.nprocure.com From Interested Manufacturer / Authorize Dealer / Sub Dealer.

Name of the Department	Solid Waste Management
No of works	01
Total Estimate cost	Rs. 50,01,600/-

Tender documents are available https://smctender.nprocure.com The detail Tender Notice will be made available at above address and on website www.suratmunicipal.gov.in

No. P.R.O./198/2026-27 Medical Officer of Health

Date : 20 / 08 / 2026 Surat Municipal Corporation

જાહેર નિવિદા

ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટ, ઉનાઈ તા.વાંસદા, જી.નવસારી પ્રસાદી (મોહનથાળ) બનાવી આપવાના કોન્ટ્રાક્ટ અંગે.

ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટ ઉનાઈ, તા. વાંસદા, જી. નવસારી ખાતેથી પ્રસાદી (મોહનથાળ) નું ટેન્ડર ફોર્મ અને શરતો રૂા.૧૦૦/- રોકડા ભરી તા.૨૭/૦૮/૨૦૨૬ થી તા.૦૩/૦૯/૨૦૨૬ (સવારે ૦૯:૦૦ થી સાંજના ૦૫:૦૦ કલાક) દરમ્યાન મેળવી લેવાના રહેશે. આ ભાવપત્રકો સીલબંધ કવરમાં તા.૦૯/૦૯/૨૦૨૬ સુધીમાં ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટ ખાતે ટપાલ અથવા કુરીયરથી મોકલી આપવાના રહેશે. ટેન્ડર ભરનારની સુચના અને શરતો ટેન્ડર ફોર્મ સાથે આપવામાં આવશે અને તે તમામને બંધનકર્તા રહેશે. ભાવપત્રક સ્વીકારવાની આખરી સત્તા અધ્યક્ષશ્રી ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટ અને પ્રાંત અધિકારી વાંસદાની રહેશે.

અધ્યક્ષ

ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટ

અને

માહિતી/નવસારી/૨૬૨/૨૦૨૬ પ્રાંત અધિકારી, વાંસદા

ચીનના રિયલ એસ્ટેટ કિંગ 'એવરગ્રાન્ડ'ના માલિક યાનને આજીવન કેદ

ક્ષુ જિયાયિની તમામ અંગત મિલકતો જપ્ત કરવાનો પણ અદાલતનો આદેશ, ૪.82 અબજનો જંગી દંડ પણ ફટકાર્યો

ખોટી રીતે જાહેર થાપણો ઉઘરાવવી, ગેરકાયદે લોન આપવી, માહિતી ખોટી રીતે લીક કરવી, કોર્પોરેટ લાંચ વગેરે ગુનાઓ બદલ દોષિત ઠર્યા

કંપનીના પદ્ કર્મચારીઓને પણ જુદા જુદા પ્રમાણમાં સજા, આ કંપનીને કારણે ચીની રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં કડાકો સર્જાયો હતો

બૈજિંગ, તા. ૨૦(પીટીઆઈ): ચીનના પ્રોપર્ટી માર્કેટમાં આવેલા કડાકાના મુખ્ય કેન્દ્રબિંદુ સમાન રિયલ એસ્ટેટ કંપની 'એવરગ્રાન્ડ ગ્રુપ'ના ભૂતપૂર્વ વડા ક્ષુ જિયાયિનને ચીનની એક કોર્ટે ગુરુવારે અનેક ગુનાઓ બદલ આજીવન કેદની સજા ફટકારી છે અને તેમની તમામ વ્યક્તિગત મિલકત જપ્ત કરવાનો આદેશ આપ્યો છે.

શેનઝેન ઈન્ટરમીડિયેટ પીપલ્સ કોર્ટે ક્ષુ જિયાયિન પર 8.82 અબજ ચાઈનીઝ યુઆન(CNY) અને એવરગ્રાન્ડ ગ્રુપના ઓનશોર ઓપરેટિંગ યુનિટ હેંગડા રિયલ એસ્ટેટ પર CNY 7 અબજ (લગભગ એક અબજ અમેરિકી ડોલર)નો દંડ ફટકાર્યો છે.સરકારી ન્યૂઝ એજન્સી શિન્હુઆના અહેવાલ મુજબ, ચીનની કોર્ટ દ્વારા ફોજદારી ગુનાઓ માટે લાદવામાં આવેલા કોર્પોરેટ દંડમાં આ સૌથી મોટા દંડ પૈકીનો એક છે.

અદાલતે ક્ષુને ગેરકાયદેસર રીતે જાહેર થાપણો સ્વીકારવા, ફંડરેઝિંગ ફ્રોડ, ગેરકાયદેસર રીતે લોન આપવી, સિક્યોરિટીઝનું કપટપૂર્ણ ઈશ્યુઅન્સ, મહત્વપૂર્ણ માહિતીની ગેરકાયદેસર જાહેરાત અને કોર્પોરેટ લાંચ આપવા બદલ દોષી ઠેરવ્યા છે. કોર્ટે ક્ષુને ગેરકાયદેસર રીતે ભંડોળનો ઉપયોગ કરવા અને ઉચાપત કરવા બદલ, તથા એવરગ્રાન્ડ રિયલ એસ્ટેટ ગ્રુપને સિક્યોરિટીઝના કપટપૂર્ણ ઈશ્યુઅન્સ બદલ દોષી ઠેરવ્યા છે.

JPSC પરીક્ષાઓ રદ કરવાના ઝારખંડ સરકારના આદેશ પર હાઈકોર્ટનો સ્ટે

આ પરીક્ષાઓના સફળ ઉમેદવારો નોકરી જવાના ભય સામે રક્ષણ માટે હાઇકોર્ટમાં ગયા હતા

હાલ સરકારનો આદેશ સ્થગિત, અરજદારોને ફરીથી નોકરીએ ચડવાની પણ મંજૂરી

રાંચી, તા. ૨૦: ઝારખંડ હાઈકોર્ટે ઝારખંડ લોકસેવા આયોગ(JPSC) દ્વારા આયોજિત બે ભરતી પરીક્ષાઓ રદ કરવાના રાજ્ય સરકારના આદેશ પર રોક લગાવી દીધી છે, જેનાથી સરકારના આ નિર્ણયને પડકારનારા ઉમેદવારોને રાહત મળી છે. અદાલતે 11મી થી 13મી JPSC પરીક્ષાઓ અને ફૂડ સેફ્ટી ઓફિસર(FSO) પરીક્ષા સંબંધિત અરજીઓ પર સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. કોર્ટે રાજ્ય સરકારને 15 દિવસની અંદર કાઉન્ટર-એફિડેવિટ સાથે પોતાનો જવાબ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે.હાઈકોર્ટના આ વચગાળાના આદેશનો અર્થ એ છે કે પરીક્ષાઓ રદ કરવાનો સરકારનો નિર્ણય આગળની કાર્યવાહી સુધી સ્થગિત રહેશે. અદાલતે આપેલા નિર્દેશો મુજબ, બંને પરીક્ષાઓ સાથે જોડાયેલા અરજદારોને તાત્કાલિક અસરથી ફરીથી કામ શરૂ કરવાની મંજૂરી પણ આપવામાં આવશે. હાઈકોર્ટનો આ હસ્તક્ષેપ ઝારખંડ સરકારે JPSC, ઝારખંડ સ્ટાફ સિલેક્શન કમિશન (JSSC) અને એક આઉટસોર્સ એજન્સી દ્વારા 2014થી લેવાયેલી 22 ભરતી પરીક્ષાઓ રદ કરવા અને અન્ય 23 પરીક્ષાઓની તપાસ કરવાનો નિર્ણય લીધાના દિવસો બાદ આવ્યો છે. ભરતી પરીક્ષાઓમાં કથિત ગડબડીઓ અને ગેરરીતિઓને લઈને 'JPSC-JSSC રિફોર્મ્સ મંચ'ના નેતૃત્વમાં ચાલેલા 26 દિવસના ઉગ્ર આંદોલન બાદ સરકારે આ નિર્ણય લીધો હતો. સરકારે પરીક્ષાઓ રદ કરવાના પોતાના નિર્ણયનો બચાવ કરતા કહ્યું હતું કે ભરતી પ્રક્રિયામાં જનતાનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે આ પગલું જરૂરી હતું.

મહારાષ્ટ્રમાં ટેક્સી, ઓટો ડ્રાઈવરોની મરાઠી ચકાસવા 16 પ્રશ્નોની કસોટી

જેઓ સંતોષકારક જવાબ આપી શકતા નથી તેમને ભાષા શીખવા એક મહિનાનો સમય અપાય છે, તે પછી પણ કસોટીમાં નાપાસ થશે તો તેમનો બેજ ત્રણ મહિના માટે સસ્પેન્ડ થઇ શકે છે

રાજ્યવ્યાપી ચકાસણીના પ્રથમ દિવસે મહારાષ્ટ્રમાં 1268 ડ્રાઇવરોને નોટિસ અપાઇ

મુંબઈ, તા. ૨૦: પરિવહન વિભાગે મરાઠી ભાષાના વ્યવહારુ જ્ઞાનની ચકાસણી કરવા માટે ગુરુવારે રાજ્યવ્યાપી ઝુંબેશ શરૂ કર્યા પછી, મહારાષ્ટ્રના ટેક્સી અને ઓટોરિક્ષા ચાલકોને રોજિંદા વાતચીતના વિષયો પર આધારિત 16 પ્રશ્નોની ભાષા કસોટી સાથે તેમની મરાઠી સુધારવા માટે કહેવામાં આવી રહ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, જે ચાલકો સંતોષકારક જવાબ આપી શકતા નથી તેમને ભાષા શીખવા માટે એક મહિનાનો સમય આપવામાં આવી રહ્યો છે. જો તેઓ ત્યારબાદ લેવાનારી પરીક્ષામાં પણ નપાસ થશે, તો તેમનો બેજ ત્રણ મહિના માટે સસ્પેન્ડ થઈ શકે છે.

આ પ્રશ્નો કોઈ ઔપચારિક ભાષાના પાઠોને બદલે ડ્રાઇવરોને મુસાફરો સાથે થવાની શક્યતા હોય તેવી વાતચીત પર આધારિત તૈયાર કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, ડ્રાઇવરો પાસે આવા વાક્યો સમજવાની અને તેનો જવાબ આપવાની અપેક્ષા રાખવામાં આવે છે: "મલા સીએનજી ભરાયચે આહે. થોડે થાંબવે લાગે લ" (મારે સીએનજી પુરાવવો છે, થોડીવાર થોભવું પડશે); માઝી રિક્ષા/ટેક્સી શૅરિંગચી આહે (મારી રિક્ષા/ટેક્સી શૅરિંગની છે); અને મીટર ચાલુ કેલે આહે(મીટર ચાલુ કર્યું છે).